# Phone call between Prime Minister Shri Narendra Modi and H.E. (Dr.) Alexander Van der Bellen, Federal President of the Republic of Austria

May 26, 2020

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રિયા ગણરાજ્યનાં ફેડરલ રાષ્ટ્રપતિ મહામહિમ (ડૉ.) એલેક્ઝાંડર વાન ડેર બેલેન વચ્ચે ફોન પર વાતચીત

મે 26, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ઓસ્ટ્રિયા ગણરાજ્યનાં ફેડરલ રાષ્ટ્રપતિ મહામહિમ (ડૉ.) એલેક્ઝાંડર વાન ડેર બેલેન સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી.

ઓસ્ટ્રિયાનાં રાષ્ટ્રપતિએ અમ્ફન ચક્રવાતથી ભારતમાં થયેલા નુકશાન બદલ દિલાસો પાઠવ્યો હતો. બન્ને નેતાઓએ કોવિડ-19 મહામારીની પ્રતિકૂળ આરોગ્ય અને અર્થતંત્રનાં પ્રભાવોનું વ્યવસ્થાપન કરવા તેઓનાં દેશોમાં લેવામાં આવેલા પગલાઓ પર દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું. તેઓ વર્તમાન કટોકટીનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રિય સહકારની અગત્યતા પર સંમત થયા હતા.

બન્ને નેતાઓએ કોવિડ-બાદનાં વિશ્વમાં ભારત-ઓસ્ટ્રિયા સંબંધો વધારે મજબૂત અને વૈવિધ્યતાપૂર્ણ કરવા માટેની તેઓની એકસમાન ઈચ્છાનું પુનઃઉચ્ચારણ કર્યું હતું. વડાપ્રધાને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટેકનોલોજી, સંશોધન અને નવીનીકરણ, એસએમઈ, વગેરે જેવા ક્ષેત્રોમાં વધારે સહકાર માટેની તકો પર પ્રકાશ પાડ્યો હતો.

નેતાઓએ સંયુક્ત આશા વ્યક્ત કરી હતી કે વિશ્વ જલ્દીથી વર્તમાન આરોગ્યની કટોકટીમાંથી બહાર આવશે, જેથી પર્યાવરણનાં આરોગ્ય જેવી લાંબા-ગાળાની ચિંતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી શકાશે.

**નવી દિલ્હી**
**મે 26, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.